ઇસનપુર પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦

Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in

PRESS NOTE

નારોલ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના બે ગુના શોધી કાઢી મુદામાલ રીકવર કરી ત્રણ આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્લકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા ૦૫/૧૨/૨૦૧૯ ના કલાક ૧૯/૧૫ વાગે ઇસનપુર ચંડોળા પાળ દશામાના મન્દીર પાસે થી એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ તથા અ.લો.ર. મયુરસીહ રમેશભાઇ નાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) મોહમદઆમીનુર સ/ઓ મન્નાનખાન ખાન ઉ.વ ૨૫ રહે સીયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૨) શબુસ કાલમભાઇ શેખ રહે સીયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર (૩) મકસુદ ઉર્ફે માજાભાઇ બજલુરેહમાન શેખ ઉ.વ ૩૯ રહે સીયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાઓને સોનાની કંઠી તથા સોનાની બુટ્ટી નંગ-૪ તથા સોનાની વીટી નંગ-૧ તથા સોનાની નાની બુટ્ટી નંગ-૧ તથા નાકમા પહેરવાની સોનાની નથ નંગ-૧ તથા ચાંદીના હાથના પાટલા નંગ-૨ તથા ચાંદીની પાયલ નંગ-૨ તથા પગમા પહેરવાની માછલી નંગ-૨ ચાંદીની રીગ નંગ-૧ તથા પ્લાસ્ટીકની અંદર સોનાની પટ્ટીવાળા પાટલા નંગ-૨ કીમત રુપીયા ૧,૦૧,૪૦૦ તથા બે પાઉન્ડનો સીક્કો નંગ-૧ તથા જી-શોકની ઘડીયાળ નંગ ૧કી.રુ.૭૦૦૦ તથા મોબાઇલ ફોન નંગ ૩ કીમત રુપીયા ૩૯,૦૦૦ ના મળી કુલ રુપીયા ૧,૪૭,૪૦૦ નો મુદામાલ રીકવર કરી નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૨૧૮/૧૯ ઇપીકો કલમ ૪૫૪ ,૪૫૭,૩૮૦ તથા નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૨૧૯/૧૯ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુના શોધી કાઢેલ છે. તા.૦૫/૧૨/૨૦૧૯

આરોપી નં-(૧) નો પુર્વ ગુનાહિતી ઇતિહાસ-(૧) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૪૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ) (૨) પાડેસરા પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૫૨/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૩) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૧૬/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૪) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૩૭/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૫) નારોલ પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૨૨૬/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૧૧,૧૧૪ (૬) સેટેલાઇટ પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૬૪/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૭) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૯૦/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦